ક્રમાંક:મઉમશબ/શાનિ/ ૭૦૯૨- ૭૨૨૬

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

જૂના સચિવાલય પાસે, સેક્ટર-૧૦/બી,

ગાંધીનગર.

તા.૨૧/૦૭/૨૦૨૫

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

તમામ, ગુજરાત રાજ્ય.

વિષય: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ માં વિનિયમ ક્રમાંક ૧૩ ના નમૂના-૯ શાળા છોડ્યા પ્રમાણપત્ર અને વિનિયમ ક્રમાંક ૧૨(૧૩) અને ૩૮(૧)(ક)(૧) ના નમૂના-૧૦ સામાન્ય રજીસ્ટર(GR) માં સુધારો કરવા બાબત

સંદર્ભ: (૧) ગુજરાત શાળા શિક્ષણ પરિષદ ગાંધીનગરનો તા.૧૨/૦૬/૨૦૨૫ નો પત્ર ક્રમાંક:SSA/MIS/2025/28137-138

(૨) ગુ.મા અને ઉ.મા શિ બોર્ડની તારીખ.૧૬/૦૬/૨૦૨૫ ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક:૨૬૬/૨૦૨૫

(3) શિક્ષણ વિભાગના તા.૧૮/૦૭/૨૦૨૫ ના ઠરાવ ક્રમાંક ED/CON/e-file/3/2025/3542/CHH અન્વયે.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તા.૧૮/૦૭/૨૦૨૫ ના ઠરાવ ક્રમાંક ED/CON/e-file/3/2025/3542/CHH મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ માં વિનિયમ ક્રમાંક ૧૩ ના નમૂના-૯ શાળા છોડ્યા પ્રમાણપત્ર અને વિનિયમ ક્રમાંક ૧૨(૧૩) અને ૩૮(૧)(ક)(૧) ના નમૂના-૧૦ સામાન્ય રજીસ્ટર(GR) માં સુધારા માટેની નવી જોગવાઈ આ સાથેના પત્રકમાં સામેલ છે.

આથી, ઉક્ત બાબતે આપના જિલ્લાની તમામ શાળાઓને ઉપરોક્ત સુધારા અન્વયે અમલ કરવા આપની કક્ષાએથી સૂચના આપવા જણાવવામાં આવે છે.

બિડાણ : ઉપર મુજબ.

(આર.આર.વ્યાસ)

સચિવ

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ- ૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક-૧૩ના નમૂના ૯ "શાળા છોડયા પ્રમાણપત્ર" અને વિનિયમ ક્રમાંક ૧૨(૧૩) અને ૩૮(૧) (ક) (૧) ના નમૂના -૧૦ "સામાન્ય રજીસ્ટર (GR)" માં સુધારો કરવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ED/CON/e-file/3/2025/3542/CHH
સચિવાલય, ગાંધીનગર.
તા:૧૮/૦૭/૨૦૨૫

<u>વંચાણે લીધા</u> :-

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા:03/૦૭/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: મઉમશબ/શાનિ/૬૬૬

આમુખ :

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વંચાણે લીધા ક્રમાંક : (૧) સામેના તા.03/૦૭/૨૦૨૫ ના પત્રથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક-૧૩ના નમૂના-૯ "શાળા છોડયા પ્રમાણપત્ર" અને વિનિયમ ક્રમાંક ૧૨(૧૩) અને ૩૮(૧) (ક) (૧) ના નમૂના-૧૦ "સામાન્ય રજીસ્ટર (GR)" માં સુધારો કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u> :-

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ- ૧૯૭૪ માં વિનિયમ ક્રમાંક ૧૩ના નમૂના-૯ "શાળા છોડયા પ્રમાણપત્ર' અને વિનિયમ ક્રમાંક ૧૨(૧૩) અને ૩૮(૧) (ક) (૧) ના નમૂના -૧૦ "સામાન્ય રજીસ્ટર (GR)" માં નીચે મુજની હાલની જોગવાઈની સામે સુધારેલ જોગવાઈને આથી મંજૂરી આપવામાં આવે છે

| હાલની જોગવાઈ | | સુધારેલ જોગવાઈ | |
|---|---|---|---|
| (૧) | વિનિયમ ક્રમાંક -૧૩ ના નમૂના ૯ માં શાળા છોડ્યા પ્રમાણપત્ર દર્શાવેલ છે ઉક્ત નમૂના - ૯ ના ક્રમાંક નંબર ૧ માં ગુજરાતી ભાષામાં વિદ્યાર્થીનું પુરૂ નામ (અટક પ્રથમ) અંગ્રેજી ભાષા Full Name Of The Student (Surname First) દર્શાવેલ છે. | (૧) | વિનિયમ ક્રમાંક -૧૩ ના નમૂના ૯ માં શાળા છોડ્યા પ્રમાણપત્ર દર્શાવેલ છે ઉક્ત નમૂના -૯ ના ક્રમાંક નંબર ૧ માં ગુજરાતી ભાષામા વિદ્યાર્થીનું પુરૂ નામ (અટક છેલ્લે) અંગ્રેજી ભાષા Full Name Of The Student (Surname Last) દર્શાવવાની રહેશે. |

| | | | |
|---|---|---|---|
| (૨) | વિનિયમ ક્રમાંક ૧૨ (૧૩) અને ૩૮(૧) (ક) (૧) ના નમૂના નં. ૧૦ સામાન્ય રજીસ્ટર (G.R.) નો નમૂનો દર્શાવેલ છે. આ નમૂના નં. ૧૦ ના ક્રમાંક નંબર-૨ માં ગુજરાતી ભાષામાં વિદ્યાર્થીનું પુરૂ નામ અટક નામ પિતાનું નામ/માતાનું નામ અંગ્રેજી ભાષામાં Surname Name Father's Name/Mother's Name દર્શાવેલ છે. | (૨) | વિનિયમ ક્રમાંક ૧૨ (૧૩) અને ૩૮(૧) (ક) (૧) ના નમૂના નં. ૧૦ સામાન્ય રજીસ્ટર (G.R.) નો નમૂનો દર્શાવેલ છે આ નમૂના નં. ૧૦ ના ક્રમાંક નંબર-૨ માં ગુજરાતી ભાષામાં વિદ્યાર્થીનું પુરૂ નામ નામ પિતાનું નામ/માતાનું નામ અટક અંગ્રેજી ભાષામાં Name Father's Name/Mother's Name Surname દર્શાવવાની રહેશે. |

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૫/૦૭/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે.

(રાજદીપસિંહ રાઠોડ)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

નકલ રવાના :-

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેંદ્ર , ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.૧ /ગ.૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.)
- ના.સે.અ સિલેક્ટ ફાઈલ.

નમૂનો-૯

શાળા છોડયાનું પ્રમાણપત્ર

[જુઓ વિનિયમ-૧૨(૪), ૧૨(૧૪)(૫) અને વિનિયમ-૧૩]

આ પ્રમાણપત્રમાંની કોઈ નોંધમાં તે કાઢી આપનાર સત્તાધિકારી સિવાય બીજા કોઈથી કશો ફેરફાર થઈ શકશે નહિ અને આ શરતનો ભંગ કરનાર શાળામાંથી કાઢી મૂકવાની શિક્ષાને પાત્ર બનશે.

(આ પ્રમાણપત્ર શાહીથી ભરવું.)

---

## SCHOOL LEAVING CERTIFICATE

શાળા છોડયાનું પ્રમાણપત્ર

(જુઓ વિનિયમ-૧૩ નમુનો-૯)

No.__________

Name and address of the school:

S.S.C. Index No.: ____________ GR. No./જી.આર.નં.: ____________

(એસ.એસ.સી. ઈન્ડેક્ષ નં.)

H.S.C. Index No.: ____________ Medium/માધ્યમ: ____________

(એચ.એસ.સી. ઈન્ડેક્ષ નં.)

[1] Full Name of the Student (Surname Last) :____________
વિદ્યાર્થીનું પુરૂ નામ (અટક છેલ્લે) :____________

[2] Religion and Caste :____________
ધર્મ અને જાતિ :____________

[3] Mother's Name :____________
માતાનું નામ :____________

[4] Place of Birth (With Taluka/District) :____________
જન્મ સ્થળ (તાલુકા, જિલ્લા સહિત) :____________

[5] Date of Birth :____________
(in figures and words as per Christian Calendar)
ખ્રિસ્તીવર્ષ અનુસાર જન્મ તારીખ :____________
(આંકડામાં અને શબ્દમાં)

[6] Last School Attended :____________
જ્યાં ભણ્યા હોય તે છેલ્લી શાળા :____________

[7] Date of Admission (with class) :____________
પ્રવેશ તારીખ (ધોરણ સહિત) :____________

[8] Date of leaving school :____________
શાળા છોડયા તારીખ :____________

[9] In which Standard he/she
Studying & Since when? :____________
કયા ધોરણમાં અભ્યાસ કરે છે ? ક્યાર થી ? :____________

[10] Reason for Leaving School :____________
શાળા છોડવાનું કારણ :____________

[11] Progress /પ્રગતિ :____________

[12] Conduct/વર્તણુંક :____________

[13] Remark / વિશેષનોંધ :____________

Date:

તારીખ :

Certify that the above information is verified by me with school register and found to be correct.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉપરની માહિતીની ચકાસણી શાળાના જનરલ રજીસ્ટર સાથે કરવામાં આવેલ છે અને સાચી માલુમ પડેલ છે.

| ____________ | ____________ | ____________ |
|---|---|---|
| Clerk<br>ક્લાર્ક) | Class Teacher<br>વર્ગ શિક્ષક | Principal<br>આચાર્ય |

Statutory warning: No one can issue this certificate or make any changes in any entry except the headmaster of the school or the authorized person appointed for such work in the absence or unavailability of the principal.

શાળાના આચાર્ય અથવા તેમની ગેરહાજરીમાં સહી કરવા માટે અધિકૃત કરેલ વ્યક્તિ સિવાય અન્ય કોઈ વ્યક્તિ આ પ્રમાણપત્ર આપી શકશે નહીં કે તેની કોઈ નોંધમાં ફેરફાર કરી શકશે નહી.

નમૂનો-૧૦'

GENERAL REGISTER [જુનો વિનિયમ-૧૨(૧૩) અને ૩૮(૧)(ક)(૧)]

| General Register No. of the Student વિદ્યાર્થીનો રજિસ્ટર નંબર | Full Name of the Student વિદ્યાર્થીનું પુરૂ નામ<br>Name Father's Name/ Mother's Name Surname<br>નામ પિતાનું નામ/માતાનું નામ અટક | Religion & Cast (S.C/ ST/ OBC)<br>ધર્મ અને જાતિ (અનુ.જાતિ/ અનુ. જનજાતિ સા. અને શૈ. પછાત વગેરે) | Place of Birth with Taluka & District<br>જન્મ સ્થળ તાલુકા-જિલ્લા સહિત | Date of Birth (in figures and words as per Christian Calendar) ખ્રિસ્તી વર્ષ અનુસાર જન્મ તારીખ માસ અને વર્ષ (શબ્દોમાં અને આંકડામાં) | Last School Attended<br>જ્યાં ભણ્યા હોય તે છેલ્લી શાળા | Date of Adm. with Class<br>પ્રવેશ તારીખ ધોરણ સહિત | Admission is given in Std./Class/ Stream<br>પ્રવેશ આપવામાં આવેલ ધોરણ અને વર્ગ અગર પ્રવાહ | Progress<br>પ્રગતિ | Condust<br>વર્તણુંક | Date of Leaving the School<br>શાળા છોડયા તારીખ | Std. and Class at the time of Leaving the School<br>શાળા છોડતી વખતે ધોરણ અને વર્ગ | Remarks (Reason for Leaving the School Fees paid or unpaid etc.)<br>શાળા છોડવાનું કારણ બાકી ફી વગેરે) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |